ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૩-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

## સુરક્ષાના મામલે સમાધાન નહિ

જમ્મુ પઠાણકોટ હાઈવે પર સરહદ પારથી સૈનિક વેશભૂષામાં આવેલા ત્રણ-ચાર આતંકવાદીઓએ એક બોલેરો કાર અટકાવીને એના ડ્રાઈવર સહિત એ કારનું અપહરણ કર્યું છે. દયાલચક કઠુઆ પંથકનો લાઈન ઓફ કંટ્રોલ નજીકનો પ્રદેશ છે. સરહદ બહુ જ નજીક હોવાને કારણે અહીં ભારે સુરક્ષા જળવાતી રહે છે. પાસે જ કાલીબાડી અને જંગલ કોટ (જંગકોટ)નાં ગાઢ જંગલ છે. આતંકવાદીઓ વાહન વગર જ આવ્યા હતા. ભારતીય સુરક્ષાદળોએ જંગલોટમાં અપહરણ કરાયેલી કાર કબજે કરી લીધી છે. ડ્રાઈવરનું બંદૂકની અણીએ અપહરણ કરવા પાછળનો એક ઉદ્દેશ સહેલાઈથી અજાણ્યા રસ્તા પાર કરી પાકિસ્તાનની સરહદમાં ઘૂસી જવાનું હોઈ શકે. કઠુઆમાં નરેન્દ્ર મોદીની વિશાળ રેલી હેમખેમ પાર પડી ગયા પછી સુરક્ષાદળો થોડો વિશ્રામ અનુભવતાં હોઈ આતંકવાદીઓએ આ હુમલો કરવાની તક ઝડપી લઈ હોય એવું મનાઈ રહ્યું છે. મોદીએ રેલીમાં પાકિસ્તાન વિરુદ્ધ હાકલા-પડકારા કર્યા હતા, ભારતીય સૈનિકોમાં માથાં કાપી લઈ જનારા પાકિસ્તાનને પાઠ ભણાવી શકે એવા એક માત્ર નેતા તરીકે એમણે પોતાની જાતને પ્રોજેક્ટ કરી છે. ભૂતપૂર્વ લશ્કરી વડા વી.કે. સિંહને એમણે રેવાડી ખાતે યોજાયેલ ભૂતપૂર્વ સૈનિકોની સભામાં પોતાના પડખે લીધા પછી ગાઝિયાબાદની બેઠક પર પાર્ટીના કાર્યકરોનો રોષ વહોરી લઈને ભાજપ ઉમેદવાર પણ બનાવી દીધા હતા. આમ પોતે ભારતીય સેનાના શુભેચ્છક હોવાની છાપ ઊભી કરી એમણે દેશને સલામત રાખવામાટે પોતે જ સૌથી વધુ લાયક નેતા હોવાનો આડકતરો દાવો કરી દીધો હતો. જો કે એથી આતંકવાદીઓ વધુ ઉશ્કેરાયા છે અને ચૂંટણી દરમિયાન ઠેકઠેકાણે ભાંગફોડ કરવાનો મનસૂબો બનાવી ચૂકયા છે. મોદીની સભા થવાની હોય તે પહેલાં નજીકમાં જ કોઈ ઘટના બનતી જોવા મળે છે. કઠુઆની રેલી સમયે એ પોતાના ઈરાદા બર ન લાવી શકયા એનું કારણ જડબેસલાક સલામતી વ્યવસ્થા જ હતી. પરંતુ એક જ દિવસના અંતરે એમણે પોતાની હાજરી દર્શાવી દીધી તે સૂચક છે. અનેક ઠેકાણે આતંકવાદીઓ અને નકસલવાદીઓ સક્રિય બની ચૂકયા છે. કઠુઆના હુમલાની સાથે જ સીકર (રાજસ્થાન)માંથી આતંકવાદી હરકતો કરાવવાની તૈયારી કરી રહેલ અસામાજિક તત્વોની ધરપકડ કરાઈ છે. પાકિસ્તાને પણ મોદીના પાકવિરોધી વિધાનો સામે નારાજગી દર્શાવી છે. ચૂંટણી લોહિયાળ બની રહે એવી દહેશત વરતાઈ રહી છે.

## અપુરતી સુવિધાને લઈને એલજેને બહાલી ન મળી

અમદાવાદ, તા.૨૮


અમદાવાદમાં ગુજરાત મેડીકલ રિસર્ચ એન્ડ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એલજે મેડીકલ કોલેજ આવેલ છે. આ કોલેજને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ મંજુરી ન આપતા કોલેજમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ સર્જાયા છે. ઉલ્લેખનીય છે કે આ મેડીકલ કોલેજને છેલ્લા બે વર્ષ આ મેડીકલ કોલેજને એમસીઆઈની મંજુરી મળતી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ મુજબ ગુજરાત મેડીકલ રિસર્ચ એન્ડ એજ્યુકેશન સોસાયટી દ્વારા વર્ષ ૨૦૧૨થી અમદાવાદમાં એળજે મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવી છે. આ મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે મેડીકલ કોલેજ ઓફ ઈન્ડિયાની મંજુરી માંગવામાં આવી હતી, જેના પગલે સુવિધાઓના તપાસ બાદ દર વર્ષે મંજુરી રિન્યુ કરાવવાની શરતે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ ૧૫૦બેઠકોની મંજુરી આપી હતી ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં પણ આ મેડીકલ કોલેજને એમસીઆઈની મંજુરી મળી ગઈ હતી, ત્યારે ચાલુ વર્ષે એલજે મેડીકલ કોલેજ દ્વારા ૧૫૦બેઠક માટે મંજુરી રિન્યુ કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાંઆવી હતી. જેના પગલે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમે કોલેજની ચકાસણી કરી હતી, ત્યારબાદ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ પોતાની સત્તાવાર જાહેરાતમાંઆ કોલેજને મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો છે.

## ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ફેકલ્ટી ઓફ એજયુકેશનના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ ૨૦૧૩-૧૪ સેકટર-૨૩માં આવેલ બ્રહ્માણીકૃપા હોલ ખાતે યોજાઈ ગયો.

ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં આવતાં એસ.એસ. પટેલ ગુજરાતી અને આર.એચ. પટેલ અંગ્રેજી માધ્યમ બી.એડ. કોલેજ તથા સર્વ વિદ્યાલય અંગ્રેજી માધ્યમ પીટીસી કોલેજના વિદ્યાર્થીઓને લઈને શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.



એજ્યુકેશનના ભાવિ શિક્ષકોના ઉજ્જવળ ભવિષ્યના હેતુથી આર્શીવચન તેમજ શિક્ષણક્ષેત્રે, રમત-ગમત તેમજ વિવિધ ક્ષેત્રોમાં સારો દેખાવ કરનારા તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ૨૦૧૩-૧૪ના વર્ષ દરમિયાન શૈક્ષણિક સફરના ચિતાર સમા 'દર્પણ' અને મોહનલાલ સાહિત્ય વર્તુળના વાર્ષિક અંક 'શબ્દાંકન'નું વિમોચન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મુખ્યમહેમાન તરીકે અધિક નિયામક, જી.સી.ઈ.આર.ટી.ના ડૉ. આર.યુ. પુરોહિત, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. પટેલ, ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન વીણાબેન પટેલ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં વીણાબેન પટેલે મહેમાનોનું સ્વાગત કરીને ફેકલ્ટી ઓફ એજયુકેશ દ્વારા વર્ષ દરમિયાન ચલાવવામાં આવતી વિશિષ્ટ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. આ પ્રસંગે મુખ્યમહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. આર.યુ. પુરોહિતે પોતાના ઉદ્બોધનમાં ભાવિ શિક્ષકોએ પોતાના જીવનમાં જીવંત રહેવા માટે વિષય વસ્તુનું પૂર્ણ જ્ઞાન હોવું જોઈએ અને વધુમાં વર્તમાન સમયમાં કેવા પ્રકારના રિસર્ચ ચાલે છે તેનાથી પણ વાકેફ રહેવું ખૂબ જ આવશ્યક છે. જ્યારે અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા ડૉ. કનુભાઈ પટેલે પોતાના વ્યાખ્યાનમાં વ્યક્તિ જે તે વ્યવસાયમાં પણ પોતાનો નાગરિક ધર્મ બજાવવો જોઈએ.

કાર્યક્રમના અંતે બી.એડ. કોલેજના હેડ કુસુમબેન યાદવ અને પીટીસી કોલેજના આચાર્યા કિરણબેન પટેલ વર્ષ દરમિયાન કરેલી કામગીરીનો અહેવાલ પ્રગટ કર્યો હતો. જ્યારે જીજ્ઞાશાબેન જોશીએ કાર્યક્રમની આભારવિધી કરી હતી.

### સ્વ. કલાકાર પિનાકીન વાઘેલા સ્મૃતિ કાર્યક્રમ અંતર્ગત ભજવાયેલું

## દ્વિઅંકી નાટક 'ગમતાંનો કરીએ ગુલાલ' પ્રેક્ષકોને મનોરંજનની હોળી રમાડી ગયું

### સિટી પલ્સ ઓપન ઍર થિયેટર ખાતે પ્રેક્ષકોએ મન ભરીને નાટકને માણ્યું

ગાંધીનગર, તા. ૨૮

નગરના સ્વર્ગસ્થ કલાકાર



પિનાકીન વાઘેલાની સ્મૃતિમાં તાજેતરમાં જી ઈ કલબ દ્વારા નાટ્યસુમન કલા ટ્રસ્ટ નિર્મિત તરોતાજા સામાજિક નાટક 'ગમતાંનો કરીએ ગુલાલ'નું મંચન યોજવામાં આવ્યું હતું, જે પ્રેક્ષકોને ખૂબ પસંદ પડ્યું હતું.

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી આ નાટક તૈયાર કરવા માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે અને અમદાવાદનાં જાણીતા નાટ્ય નિર્માતા પૂર્વી જાડાવાલા દ્વારા આ નાટકનું નિર્માણ તથા પ્રકાશ જાડાવાલા દ્વારા દિગ્દર્શન કરવામાં આવ્યું છે. આકર્ષક સૅટીંગ્સ, સુંદર સંગીત અને નયનરમ્ય લાઈટીંગ સાથે ભજવાયેલું આ નાટક પ્રેક્ષકોનાં દિલમાં વસી ગયું હતું અને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી નાટક તથા અભિનયકર્તાઓને વધાવી લીધા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રકાશ જાડાવાલા, મિહીર ઉપાધ્યાય તથા સ્વ. પિનાકીન વાઘેલાનાં ધર્મપત્ની પારૂલ વાઘેલા દ્વારા સ્વ. પિનાકીન વાઘેલાની તસવીર સમક્ષ અગરબત્તી પ્રજ્વલિત કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી, ત્યારબાદ જી ઈ કલબના પ્રમુખ કુંતલ નિમાવતે સૌનું શાબ્દિક સ્વાગત કરતાં સ્વ. પિનાકીન સાથેની પોતાની સ્મૃતિઓને તાજી કરી હતી અને ત્યારબાદ 'ગમતાંનો કરીએ ગુલાલ' નાટકની ભજવણી કરવામાં આવી હતી.



ભાસ્કર શુક્લ અને ભાર્ગવ જોષી,ધવલ સોની, છાયા શુક્લ, કાજલ સોની, શચી જોશી, ઉર્વેશ ઠક્કર, રિષભ મોદી અને મનિષ ગોર દ્વારા આ નાટકમાં અસરકારક અભિનય આપવામાં આવ્યો હતો. નાટકના અંતે જી ઈ કલબના ડિરેક્ટર જયેશ પંચોલી, જિજ્ઞેશ રાવલ, વિપુલ પ્રજાપતિ, પ્રતિક્ષા નિમાવત અને ટીમ દ્વારા નાટકના સઘળા કલાકારો, કસબીઓનું પુષ્પગુચ્છ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## સે. ૧૨ના રંગમંચ ખાતે ટે-ક્વૉન-ડૉ માર્શલ આર્ટનું ડેમોસ્ટ્રેશન યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ટેકવોન-ડો એસોસીએશન દ્વારા તા. ૩૦મી માર્ચે રવિવારે બપોરે ૩.૩૦ કલાકે સેકટર-૧૨ના રંગમંચ ખાતે ટે-ક્વૉન-ડૉ માર્શલ આર્ટનું ડેમોસ્ટ્રેશન યોજવામાં આવ્યું છે. આ કાર્યક્રમ વારિષ્કોત્સવ ૨૦૧૩-૧૪ અંતર્ગત યોજવામાં આવી રહ્યા છે. જેમાં સ્કેટીંગ, યોગ અને નૃત્યનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના યુવા વિદ્યાર્થીઓને માર્શલ આર્ટ અને યોગ, સ્કેટીંગ જેવી પ્રવૃત્તિઓ અંગે રસ લેતા કરવા અને તેમને પ્રોત્સાહિત કરવાના આશયથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ ડેમેસ્ટ્રેશનમાં ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેકનીકલ ડાયરેક્ટર જતિન દવે યુવાનોને ટે-ક્વૉન-ડૉ માર્શલ આર્ટના પાઠ ભણાવશે. ગાંધીનગર ટે-ક્વૉન-ડૉ એસોસીએશનનું આ પગલુ નગરમાં યુવાનોને માર્શલ આર્ટ અને યોગ જેવી શારિરિક ક્ષમતા ખીલવતી પ્રવૃત્તિઓમાં રસ લેતા કરશે અને તે સમયે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સંસ્થા દ્વારા નગરજનોને આમંત્રણ આપ્યું છે.

## હરિની દૃષ્ટિ...



ચૂંટણીના મુદ્દા મુદ્દા શું કરો છો ? અમારા કાર્યકરોના બાવડા અને મુછો નથી જોઇ તમે ?!

## કોલેજ ક્લાસરૂમમાં ગોગલ્સ ઠઠાડી બેઠેલા સ્ટુડન્ટને શિક્ષકે ધમકાવ્યો

### નજીવી બાબતે વિદ્યાર્થી-શિક્ષક વચ્ચે ચકમક જરતા મામલો પોલીસમથક સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૮

શહેરની પોલિટેકનિક કોલેજના એક વિદ્યાર્થીને સ્ટાઈલીસ ગોગલ્સ પહેરીને કલાસ રૂમમાં બેસવાનું ભારે પડી ગયું હતું અને ગોગલ્સ પહેરી ક્લાસરૂમમાં બેસવા જેવી નજીવી બાબતે પોલીસ સ્ટેશનમાં જવાનો વારો આવી ગયો હતો. જો કે પોલીસે ઠપકો આપી વિદ્યાર્થીને છોડી મૂક્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬માં સરકારી પોલિટેનીક કોલેજ આવેલી છે. જ્યાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી આજે ક્લાસરૂમમાં 'સ્ટાઈલીસ ગોગલ્સ' પહેરીને બેઠો હતો. દરમિયાન કોલેજના કોઈ શિક્ષકે આવીને વિદ્યાર્થીને પુછ્યું કે તુ શું અહીંયા ભણવા આવે છે કે સ્ટાઈલો મારવા બસ આટલુ જ કહેતા વિદ્યાર્થી શિક્ષક પર ઉશ્કેરાઈ ઉગ્ર બોલાચાલી કરી હતી. અને ભારે ધમાલ મચાવતા કોલેજ સત્તાવાળાઓએ પોલીસને જાણ કરતા પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી અને વિદ્યાર્થીને પોલીસમથક લઈ આવી હતી જો કે વિદ્યાર્થીનું ભવિષ્ય ન બગડે તે માટે ઠપકો આપી છોડી મુક્યો હતો. પરંતુ વિદ્યાર્થીને ગોગલ્સ પહેરીને ક્લાસમાં બેસવું ખરેખર ભારે પડ્યું હતું અને પોલીસ સ્ટેશનના પગથીયા ચઢવાનો વારો આવ્યો હતો.

## ગાંધીનગર શહેરમાં નિવાસ કરતા કલાકારોની ડિરેક્ટરી તૈયાર કરાશે

### સર્વ ક્ષેત્રના કલાકારોને પોતાની વિગતો મોકલવા અપીલ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં નિવાસ કરતા કલાકારોની એક ડિરેક્ટરી નગરના જ કલાકારો દ્વારા તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે સર્વ ક્ષેત્રના કલાકારોને પોતાની વિગતો મોકલી આપવા અપીલ કરવામાં આવી છે.

નગરનાં અભિનેત્રી વિભાબેન ઠક્કરે આ અપીલ કરતાં જણાવ્યું છે કે, ગાંધીનગર શહેરમાં નિવાસ કરતા સર્વક્ષેત્રના કલાકારોને આ ડિરેક્ટરીમાં સ્થાન આપવામાં આવશે. એ માટે સૌ કલાકારોએ પોતાનાં નામ, સરનામા, ફોન-મોબાઈલ નંબર અને ઈમેલ આઈડીની વિગત પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ સાથે ૧૫ એપ્રિલ, ૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી કરતાં તેમણે આ વિગતો રૂબરૂ, ટપાલથી કે ઈમેલ દ્વારા પણ મોકલી શકાય છે, એમ જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો માટે પોતાનો સંપર્ક બ્લોક નં. જીબી/૧૨, સૅક્ટર-૯, ગાંધીનગર ખાતે, મો. ૯૦૯૯૦ ૩૨૯૨૮, ૯૩૭૬૧ ૫૦૩૪૨ અથવા ઈમેલ દ્વારા કરવા તેમણે જણાવ્યું છે.

## સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ સોલંકીનું 'સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિક' પુસ્તકનું વિમોચન

વર્ષ ૧૯૩૨ થી ૧૯૪૨ની રાષ્ટ્રીય ચળવળના લડવૈયા એવા મોહનલાલ નાનજીભાઈ સોલંકીના 'સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિક' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવશે.

પુસ્તકનું વિમોચન આજ રોજ સાંજે ૫-૦૦ કલાકે મહારાષ્ટ્ર સમાજભવન સેકટર-૨૧ ખાતે સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઈ ભટ્ટ અને પાટનગર પ્રકાશના તંત્રી ભરત કવિના વરદ હસ્તે કરવામાં આવશે. પુસ્તકમાં સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ સોલંકીએ પૂજય બાપુ ગાંધીજી સાથે કરેલા સત્યાગ્રહ અને સત્યાગ્રહમાં અંગ્રેજોએ વર્તાવેલો કાળો કેર સહિતના મુદ્દાઓ ટાંકવામાં આવ્યા છે. તેમજ મોહનલાલે જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશને આઝાદ કરવામાં ફાળો આપ્યો તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

## ચાલો, તેજસ્વિતાનું અવરણ કરીએ...

ભારત તેજકિરણોની ભૂમિ છે. ઋષિઓએ અહીં જ્ઞાનની ઉપાસના કરી છે. ભારતનું જ્ઞાન સમગ્ર જગતમાં પ્રસર્યું છે. અન્ય દેશોના અનેક સત્પુરુષોએ ભારતનું ઋણ સ્વીકાર્યું છે. ભારત મહાન પૂર્વજો... જ્ઞાની પુરુષોએ કોઈપણ ક્ષેત્રને વણસ્પર્શ્યું રાખ્યું નથી. અહીંના જ્ઞાનીઓએ જીવનને સમગ્રતાથી જોયું છે, ખંડખંડમાં નહીં. અખિલાઈથી જીવવાવાળો આ દેશ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ- ચાર પુરુષાર્થો વર્ણવતા આ શબ્દો ઠાલા નથી, અર્થસભર છે.

કામને અહીં વાસનાની દૃષ્ટિએ જોવામાં નથી આવ્યો, ઉપાસનાની દૃષ્ટિએ જોવામાં આવ્યો છે વર્તમાન યુગનાં અનિષ્ટોની ભરમાર વચ્ચે પણ અહીં આજેય ઈષ્ટની આરાધના ચાલુ છે.

એ વાત સાચી છે કે ભારત જેવું મહાન રાષ્ટ્ર અત્યારે અનેક વ્યાધિઓથી પિડાઈ રહ્યું છે. સત્વ ઉપર તમસ કબજો જમાવીને બેઠું છે. પણ ઉપર દેખાતી રાખની નીચે હજુ અંગારો પ્રજવલ્લિત છે. જરૂર છે માત્ર રાખને ફૂંક મારીને ઉડાડવાની ...

આ રાખ ઉડાડવી એટલે ભારતના પ્રાચીન ગર્ભવિજ્ઞાનને સજીવન કરવું. ગર્ભવિજ્ઞાનના શાસ્ત્ર અને સંશોધનનું મહત્વ ભારત કરતાં ફ્રાંસ, જર્મની જેવાં રાષ્ટ્રો વધુ સમજયાં હોય એમ લાગે છે. તેઓ અભિમન્યુ પ્રકલ્પ ચલાવે છે.. અને શ્રેષ્ઠ સંતતિને જન્માવવાની મથામણ કરે છે. આપણે આપણાં બાળકોને ધ્રુવ, પ્રહલાદ, નચિકેતા અને અભિમન્યુ, સ્વામિ વિવેકાનંદ જેવા ધર્મયોદ્ધાની જન્મશતાબ્દીઓ ઉજવીએ છીએ... પ્રસંગોપાત, વારે-તહેવારે જગદીશચંદ્ર બોઝ, રામાનુઝ, સી.વી. રામન કે વિશ્વેશ્વરૈયા જેવા વિજ્ઞાનીઓનું સ્મરણ આપણા વિદ્યાર્થીઓને કરાવી દઈએ છીએ... પણ આપણું પોતાનું બાળક એવી જ કોઈક વિભૂતિ બનીને જગતને અજવાળે એ દિશામાં તો આપણે કાંઈ કરતા નથી...

જીવનની યાંત્રિકતાનાં દર્શન થાય છે! એક યુવક અને એક યુવતી પરણે, સંસારમાં પગલાં માંડે, યુવતી માતા બની જાય, યુવકને પિતા તરીકેનું પ્રમોશન મળી જાય, બાળક માંડ બે-સવા બે વર્ષનું થાય અને સારા પ્લે ગ્રૃપમાં સંશોધન થાય, બાળકને હાઈ-ફાઈ સ્કૂલમાં અને ટયૂશનની આધુનિક જેલમાં ધકેલી દઈને પરિવારજનો મુક્તિનો શ્વાસ લે! અને આમ, જીવનચક્ર ચાલતું જ રહે.. કારકિર્દી અને ધનપ્રાપ્તિ સાથે શિક્ષણનો જેમ તેમ મેળ બેસાડવામાં આવે... આ બધાથી ઉપર ઉઠીને વિચારવું પડશે.. નહીં તો, જીવનની યાંત્રિકતા અને ભોગવાદિતાના અભિશાપને આપણે વરદાન સમજીને તો આવકાર્યો જ છે.. એથી આઘળનો, તેજસ્વી ભાવિનો પથ નહીં દેખાય!

આ બધામાંથી ઉગરવાનો શ્રેષ્ઠ માર્ગ છે- દરેક પરિવારે શ્રેષ્ઠ સંતાનનું આવાહન કરવું અને રાષ્ટ્રને પુનઃ રત્નોની ભેટ આપવી..

આપણા આ સમાજની માતાઓને એમ કહેવાનું મન થાય છે કે હ ભારતીય નારી! તમારી સંકલ્પ-શક્તિથી, સર્જનશક્તિથી અને ઋષિઓએ આપેલા ગર્ભવિજ્ઞાનના જ્ઞાનથી ગુણવાન, શીલવાન, શૂરવીર, બળવાન, ધૈર્યવાન, સ્વસ્થ, આનંદી, તેજસ્વી અને બુદ્ધિમાન સંતાનોનીથી આ ધરતી ભરી દો... ઈશ્વર આજે પણ અવતરી શકે છે, જો માતા-પિતામાં દામ્પત્યજીવનના શુભારંભથી જ ભક્તિભાવ, શ્રદ્ધાભાવ અને દિવ્ય આકાંક્ષા સહિત તપશ્ચર્યા, સંતાનોપાસના કરવાની તૈયારી જોય તો...! છે કોઈ તૈયાર? ઈશ્વરરૂપી પ્રભુતા અવતરવાની રાહ જુએ છે..!

આપણા પરિવારોએ એ જાણવા, સમજવાની જરૂર છે કે પરિવારની કોઈપણ સ્ત્રી. પુત્રવધુ કે પુત્રી માતા બનવાના સંકેત આપે તો એ મહામૂલો સમાજોત્સવ છે. કોઈ મહાન આત્માને પરિવારના અંશ તરીકે આવકારવાની એ મહાન ક્ષણ છે. આનંદ અને ઉત્સાહથી એનું સ્વાગત કરો. જે માતાના ઉદરમાં જીવ પ્રવેશ્યો છે.. મહાન આત્માનું આગમન થયું છે તે માતા હવે ઈશ્વરી ચૈતન્યનો હિસ્સો બની ગઈ છે. હવે એ માતાનું ગર્ભાશય એ શરીરનું કેવળ એક અંગ નહીં, પણ મહાન પાઠશાળા છે.. વિદ્યાપીઠ છે! એમાં નવ મહિના સુધી ગર્ભનું શિક્ષણ થવાનું છે. ગર્ભસ્થ શિશુ માટે ગર્ભાશયનું ગર્ભજળ એ અમૃતનો મહાસાગર છે. એ ગર્ભની અંદર ભલે હોય, એ સમગ્ર બ્રહ્માંડ સાથેનું તાદાત્મ્ય અનુભવે છે. માતાના શરીરના કરોડો કોષ એ એના કાન છે. એનાથી બ્રાહ્ય જગતને એ સાંભળે છે, માણે છે અને સમજે છે. એ બહુ સમજવા જેવી વાત છે કે જન્મ પછી તો બાળક બે કાનથી જ સાંભળે છે. પણ ગર્ભમાં હોય ત્યારે માતાના કરોડો કોષરૂપી કરોડો કાનથી એ સાંભળે છે અને જ્ઞાન ગ્રહણ કરે છે.

ગર્ભસ્થા શિશુની શ્રવણેન્દ્રિયના આ ચમત્કારથી, માતાના માધ્યમથી એ એના જીવનનું કુલ ૮૦ ટકા જ્ઞાન ઉદરરૂપી પાઠશાળામાં જ મેળવી લે છે. આટલું જ રહસ્ય જો આપણી માતાઓ સમજે તો આ ધરતી વિભૂતિઓથી ઊભરાઈ જાય.

આમ, એ સ્થાપિત થાય છે કે માતા એ બાળકની પ્રથમ અને મહાન વિદ્યાપીઠ છે અને માતા જ એની પ્રથમ ગુરુ છે, તો સંકલ્પનાના આધારે માતાએ જ શ્રેષ્ઠત્વની ઉપાસના કરવી જોઈએ અને અજન્મા બાળકની અંતર્યાત્રાને સુખદ અને જ્ઞાનવર્ધક બનાવવી જોઈએ. માતા જે બોલે છે તે બધું બાળક સાંભળે છે. માતા જે વિચારે છે તેનાં સ્પંદનો બાળક ઝીલે છે માતા જે આચરણ કરે છે તેની સીધી અસર બાળક પર પડે છે.

ખૂબ મહત્વનો અને સંવેદનશીલ સમયગાળો છે આ કે જેમાં પરિવારજનોએ માતાપિતાએ બહુ સાવધાન રહેવાની જરૂર છે. પરિવારનું વાતાવરણ એવું બનાવવું જોઈએ કે રાગ, દ્વેષ, કલેશ, કલહ અને ક્રોધ જેવાં અનિષ્ટો આઘાં રહે... માતાને કે બાળકને ન જ સ્પર્શે. એ સમયગાળામાં તો સ્નેહ, સમર્પણ, ત્યાગ અને સહિષ્ણુતા જેવા ગુણોનું આરાધન કરવું જોઈએ અને બાળકને એની અનુભૂતિ કરાવવી જોઈએ..

માતા ગર્ભસંવાદની પ્રક્રિયા દ્વારા બાળક સાથે હોટલાઈનની જેમ જયારે ઈચ્છે ત્યારે સંપર્કમાં રહી શકે છે. બાળક સાથે વાતો કરનારી માતાઓના એવા ઘણા અનુભવો ધ્યાનમાં આવ્યા છે કે જે આ વિજ્ઞાનને સિદ્ધ અને સાકાર કરે છે.

એક પશ્ચિમી ચિંતકે ક્હ્યું છે કે, **Every child born into this world is a new thougut of god, an ever fresh and radiant possibility.** અને માટે બાળકના રૂપમાં ભગવાનનું ,પરમાત્માનું, દિવ્ય આત્માનું આવાહન કરવું જ ઈષ્ટ છે. નર અને નારી ઉચ્ચ ભાવે, સાત્વિક વિચારે અને યોગ્ય સમયે મળે તો એમનું મિલન દવિય આત્માને જન્મ આપવા સમર્થ બને. બાળક એ કોઈ વાસનાનો પરિપાક તો ન જ હોઈ શકે.. એ તો છે બે આત્માનું ઐક્ય.. આત્મૈકયનું પ્રતીક ... અદ્વૈત! અનન્ય!

બાળક ઈચ્છતાં દંપતીએ ગર્ભસંસ્કાર અને ચિત્તશુદ્ધિ કરવાં જોઈએ. એક મહાનુભાવે એક વિશિષ્ટ વાત કહી છે- **Pregnacy should be by choice and not by chance, it should be by appointment and not by accident.**

સભાનપણે સ્ત્રી ગર્ભ ધારણ કરી લે તેના કરતાં સભાનપણે, યોજનાપૂર્વક, વિચાર અને સંકલ્પના બળ વડે કોઈ આદર્શને મૂર્તિમંત કરી શકે તેવા પાત્રના સર્જન માટે ગર્ભધારણ પ્રક્રિયા થવી એ સમસ્ત મનુષ્યજાતિના હિતમાં છે.

બાવળના વાવેતર દ્વારા કંઈ કેરીનું ફળ મળતું નથી! પોતાના ઉદરમાં ગર્ભ ધારણ કરી રહેલી, માતૃત્વની મહાન પદવીના પ્રાંગણમાં ઊભેલી ધન્ય નારીને જો એ વાતની ખાતરી હોય કે મારા ઉદરમાં પાંગરી રહેલો આત્મા એ કોઈ સામાન્ય જીવ નથી, અસાધારણ છે, તે ભોગભ્રષ્ટ નહીં, યોગભ્રષ્ટ દિવ્ય આત્મા જ છે, તે તુચ્છ કક્ષાનો માનવી નહીં, કોઈ ભૂલો પડેલો અવધૂત છે.. તો, માતાના આવા સંમોહનયુકત ચિંતનના પરિપાકરૂપે જ જન્મે કોઈ હેમચંદ્રાચાર્ય, કોઈ ભામાશાહ, કોઈ જગડુશાહ, કોઈ વિક્રમ, કોઈ વિવેકાનંદ, કોઈ શિવાજી, લક્ષ્મીબાઈ કે કોઈ દુર્ગાવતી!

માતાનું ઉદર એક અદ્ભુત રત્નાશાલા છે, જેમાં ધરતીનું એક ઉત્તમ અને અણમોલ આભૂષણ ઘડાઈ રહ્યું છે. જેમ કોઈ શિલ્પી નિર્જીવ પથ્થરમાં પ્રાણ પૂરે અને કુંભકાર પોતાની કલાથી માટીના પિંડને આકાર આપે તેમ માતા પણ પોતાના સંસ્કારમય અભીષ્ટ ચિંતનથી શ્રેષ્ઠ માનવરત્ન સમાજના ચરણે ધરી શકે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે- પતિ-પત્નીની સૌથી મહાન પ્રાર્થના તો આ જગતમાં પ્રચંડ શક્તિથી સભર આભાનું અવતરણ કરવા માટેની જ હોઈ શકે.

આચાર્ય રજનીશે કર્યું છે- એક દંપતી જ્યારે ઈશ્વરને ઉત્તમ સંતાન માટે પ્રાર્થના કરે છે ત્યારે તેનાં આંદોલનો વાતારણમાં ઉપર વિસ્તરે છે અને શ્રેષ્ઠ આત્માઓને તેનાથી સંકેત મળે છે. પતિ-પત્નીની આ ઈચ્છાશક્તિ તેને આકર્ષે છે અને તે અવતરણ માટે પ્રેરીત થાય છે.

આમ, ઉત્તમ આત્માને પોતાની પ્રબળ ઈચ્છાશક્તિથી પોતાનો અંશ બનાવવો અને આવા દિવ્ય આત્માની નવ મહિનાની યાત્રા સુખદ અને સંસ્કાર યુક્ત બનાવવી એ માતાની અભીપ્સા અને તપશ્ચર્યા છે.. જો પ્રત્યેક માતા પોતાના માટે આવું ભાવવિશ્વ સર્જે તો આ વિશ્વ ભાવથી અને સદ્ભાવથી ઓતપ્રોત થઈજાય.

તેજસ્વી બાળક : તેજસ્વી ભારત. આ મહાન સૂત્રનો નાદ ઘર-ઘરમાં ગૂંજે અને ગુજરાત સમગ્ર વિશ્વનું પથદર્શન કરવાની ઊર્જા મેળવે એવી ભાવના સાથે વિરમું છું.

\- હર્ષદ પ્ર. શાહ